RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 352 * Date: 13.10.2026,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

જિબૂતીથી યમન જતી બોટ પલટી જતાં ૧૫ બાળકો સહિત ૧૩૯ શરણાર્થીઓના મોત



જિબૂતી નજીક દરિયામાં ૩૦૦થી વધુ માઈગ્રન્ટ્સ ભરેલી બોટ ડૂબી જતાં હાહાકાર મચ્યો છે. ૅ્સના અહેવાલ મુજબ, ૧૫ બાળકો સહિત ૧૩૯ લોકોના કરુણ મોત થયા છે. આ બોટ યમન થઈને ખાડી દેશોમાં જવા નીકળી હતી. ૮૨ને બચાવાયા, જ્યારે ૮૪ લોકો હજુ લાપતા છે. સ્થાનિક તંત્ર બચાવ કામગીરી અને મૃતકોના અંતિમ સંસ્કારની વ્યવસ્થા કરી રહ્યું છે.સંયુક્ત રાષ્ટ્ર ૈદ્ર)ની સંસ્થા ઇન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન ૈંસ) દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, જિબૂતી નજીક દરિયામાં એક અત્યંત દુ:ખદ અકસ્માત સર્જાયો છે. ૩૦૦થી વધુ માઈગ્રન્ટ્સને લઈને જઈ રહેલી એક બોટ જિબૂતીના ઓબોક શહેરની ઉત્તરે આવેલા ગુહેરે વિસ્તાર નજીક અકસ્માતનો ભોગ બનીને દરિયામાં ડૂબી ગઈ હતી. આ હોનારતમાં ૧૫ બાળકો સહિત ઓછામાં ઓછા ૧૩૯ માઈગ્રન્ટ્સના કરુણ મોત નીપજ્યા છે.૮-૯ ઓક્ટોબરની રાત્રે સર્જાયો અકસ્માત: સર્ચ અને રેસ્ક્યૂ ઓપરેશન ચાર્ટ્યુંસ્ના અહેવાલ મુજબ, આ બોટમાં કુલ ૩૦૫ લોકો સવાર હતા અને આ અકસ્માત ૮ અને ૯ ઓક્ટોબરની મધ્યરાત્રિએ થયો હતો. ઘટના બની તે બાદ ચલાવવામાં આવેલા બચાવ અભિયાનમાં અત્યાર સુધીમાં આશરે ૮૨ લોકોને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરી લેવાયા છે, જ્યારે ૮૪ જેટલા લોકો હજુ પણ લાપતા છે. સ્થાનિક સત્તાધીશો અને રાહત ટીમો દ્વારા દરિયામાં લાપતા લોકોની શોધખોળ માટે સતત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.સ્થાનિક તંત્ર દ્વારા ઈમરજન્સી મેડિકલ સહાય અને અંતિમ સંસ્કારની વ્યવસ્થાજિબૂતીમાં ૅ્સના મિશન ચીફ એલેક્ઝાન્ડ્રે કોઈસેકે જણાવ્યું હતું કે, અમારી ટીમો સ્થાનિક સત્તાધીશો સાથે મળીને ગ્રાઉન્ડ લેવલ પર ઈમરજન્સી મદદ પૂરી પાડી રહી છે. આ અકસ્માત દર્શાવે છે કે આર્થિક તકો અને સારા ભવિષ્યની શોધમાં આ રૂટ પરથી પસાર થતાં માઈગ્રન્ટ્સને કેટલું મોટું જોખમ ઉઠાવવું પડે છે. સ્થાનિક સત્તાધીશો જીવિત બચેલા લોકોને તબીબી સારવાર પૂરી પાડી રહ્યા છે અને મૃતકોના અંતિમ સંસ્કારની વ્યવસ્થા કરી રહ્યા છેખાડી દેશોમાં પહોંચવાની ઘેલછામાં લીધો જોખમી માર્ગમળતી માહિતી મુજબ, આ તમામ માઈગ્રન્ટ્સ જિબૂતીથી બોટ મારફતે યમન તરફ જઈ રહ્યા હતા, જેથી તેઓ ત્યાંથી સમૃદ્ધ ગલ્ફ (ખાડી) દેશો સુધી પહોંચી શકે. એકતરફ ખુદ યમનના નાગરિકો પોતાનો દેશ છોડીને ભાગી રહ્યા છે, કારણ કે વર્ષ ૨૦૨૨ના યુએન-મધ્યસ્થતા વાળા યુદ્ધવિરામ બાદ પણ ત્યાં સાઉદી અરેબિયા સમર્થિત સરકારી દળો અને ઈરાન સમર્થિત હૂથી બળવાખોરો વચ્ચેની લડાઈ અત્યંત ગંભીર સ્તરે પહોંચી ગઈ છે. છતાં પણ અન્ય દેશોના લોકો સારો રોજગાર મેળવવાની આશામાં પોતાના જીવના જોખમે આ ક્રોસિંગ કરી રહ્યા છે.

૨૧૦૦ સુધીમાં AI અને પરમાણુ યુદ્ધ માનવ અસ્તિત્વ માટે ખતરા



લંડનમાં 'ધ લેન્સેટ કમિશન'ના વૈશ્વિક મૂલ્યાંકન મુજબ, ૨૧મી સદીના અંત સુધીમાં પરમાણુ યુદ્ધ અને છેં-આધારિત જૈવિક હથિયારો માનવજાત માટે મોટો ખતરો બનશે. નિષ્ણાતોએ ૧૭ મુખ્ય જોખમો ઓળખ્યા, જેમાં છેંના દુરુપયોગથી બનતા જૈવિક હથિયારો અને પરમાણુ યુદ્ધથી થતી વૈશ્વિક ભૂખમરાની સ્થિતિ સામેલ છે. આ જોખમો માનવ સ્વાસ્થ્ય અને અસ્તિત્વ માટે ગંભીર પડકારરૂપ છે.પરમાણુ યુદ્ધ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના દુરુપયોગથી વિકસાવવામાં આવતાં જૈવિક હથિયારો આ સદીના અંત સુધીમાં માનવજાતના અસ્તિત્વ સામે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. ધ લેન્સેટ કમિશન ઓન ૨૧સ્ટ સેન્ચુરી ગ્લોબલ થ્રેટ્સ ટુ હેલ્થના નવા વૈશ્વિક મૂલ્યાંકનમાં આ ચેતવણી આપવામાં આવી છે.આ મૂલ્યાંકન માટે નિષ્ણાતોએ સ્વાસ્થ્ય અને અસ્તિત્વ સામે ઊભાં થઈ શકે તેવાં સેંકડો જોખમોનો અભ્યાસ કર્યો હતો. તેમાં ૧૭ મુખ્ય જોખમોની ઓળખ કરવામાં આવી છે. અહેવાલમાં જણાવાયું છે કે એઆઈનો દુરુપયોગ કરીને જૈવિક હથિયારોના વિકાસમાં મદદ મેળવી શકાય છે. આ ટેકનોલોજીનો ખોટો ઉપયોગ માનવ સ્વાસ્થ્ય અને વૈશ્વિક સુરક્ષા માટે ગંભીર પરિણામો લાવી શકે છે. પરમાણુ યુદ્ધની અસર માત્ર તાત્કાલિક જાનહાનિ સુધી મર્યાદિત નહીં રહે. મોટા પાયે પરમાણુ વિસ્ફોટથી વાતાવરણમાં ધૂળ અને અન્ય કણો ફેલાઈ શકે છે, જે સૂર્યપ્રકાશને અવરોધી શકે છે

રશિયા અને યુક્રેનની જાણ બહાર ટ્રમ્પ એનર્જી સીઝફાયરની જાહેરાતથી આશ્ચર્ય

વોશિંગ્ટનમાં ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા-યુક્રેન વચ્ચે એનર્જી સીઝફાયરની જાહેરાત કરી, જેનું યુક્રેને સમર્થન કર્યું. ટ્રમ્પે રશિયન ક્રૂડ ઓઈલ પરના પ્રતિબંધો હટાવવાની પણ જાહેરાત કરી હતી. જોકે, રશિયા તરફથી કોઈ ટિપ્પણી આવી નથી. ટ્રમ્પની જાહેરાત બાદ પણ યુક્રેને રશિયન ડેટા સેન્ટર પર ડ્રોન હુમલો કર્યો, જ્યારેરશિયાએઝાપોરજિયામાં હવાઈ હુમલો કરતાં ૨૩ લોકોના મોત થયા. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે રશિયા અને યુક્રેન વચ્ચે એનર્જી સીઝફાયર થયાની જાહેરાત કરતાં સતત બીજા દિવસે દુનિયાને ચોંકાવી દીધી છે. જોકે, ટ્રમ્પે બંને દેશ વચ્ચે સીઝફાયર અંગે કોઈ વધુ વિગતો આપી નહોતી. તેમણે બંને દેશોને એનર્જી સીઝફાયર જાળવવા અપીલ કરી હતી. ટ્રમ્પની આ જાહેરાત અંગે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ યુક્રેન ટ્રમ્પની જાહેરાતનું સમર્થન કરે છે. જોકે, રશિયાએ કોઈ ટીપ્પણી કરી નથી. ટ્રમ્પે શનિવારે રશિયન ક્રૂડ ઓઈલ પર છ મહિના માટે પ્રતિબંધો હટાવવાની જાહેરાત કરીને આશ્ચર્યફેલાવ્યું હતું.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને જણાવ્યું કે, રશિયા અને યુક્રેન તાત્કાલિક અસરથી એનર્જી સીઝફાયર માટે સહમત થઈ ગયા છે. આશા છે, બંને દેશ તેને તોડશે નહીં.યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ એક્સ પર પોસ્ટમાં લખ્યું, ટ્રમ્પે જાહેર કરેલી એનર્જી સીઝફાયરનું યુક્રેન સમર્થન કરે છે.રશિયા પણ તેનું સમર્થન કરે તે મહત્વનું છે. અમે અમેરિકા અને રશિયા તરફથી પુષ્ટી થાય તેની રાહ જોઈ રહ્યા છીએ. જોકે, ટ્રમ્પની જાહેરાત અંગે મોસ્કો તરફથી સત્તાવાર કોઈ નિવેદન કરાયું નથી અને વ્હાઈટ હાઉસે પણ ટ્રમ્પની પોસ્ટ અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી.ટ્રમ્પે અમેરિકામાં ડીઝલના ભાવ ઘટાડવા રશિયા સાથે કરાર કરતાં યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી ભડક્યા હતા અને તેમણે ટ્રમ્પના આ પગલાંની ટીકા કરી હતી.ઝેલેન્સ્કીની ટીકાથી અકળાયેલા ટ્રમ્પે કહ્યું કે, યુક્રેને નવા પ્રમુખની ચૂંટણી કરવાનો સમય પાકી ગયો છે. યુદ્ધ રોકવા માટે ઝેલેન્સ્કી પર્યાપ્ત પ્રયત્નો કરી રહ્યા નથી.



ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા ખાતે સ્ટ્રીટ ફૂડ વેન્ડર માટે ફૂડ સેફ્ટી તાલીમ શિબિર યોજાઈ: ૧૦૦ વેપારીઓએ લીધો ભાગ





ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર દ્વારા દ્બછજીફેં અને નેસ્લે ઇન્ડિયાના સહયોગથી દહેગામ ખાતે સ્ટ્રીટ ફૂડ વેન્ડરધારકો માટે ખાસ વિનામૂલ્યે ફૂડ સેફ્ટી પ્રશિક્ષણ અને સર્ટિફિકેટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દહેગામ ખાતે યોજાયેલી આ તાલીમ શિબિરમાં દહેગામ શહેરના ૧૦૦ જેટલા ખાદ્ય પદાર્થોના નાના વેપારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તાલીમનો મુખ્ય હેતુ સ્થાનિક વેપારીઓમાં ખાદ્ય સુરક્ષા, સ્વચ્છતા અને ગ્રાહકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. તાલીમ દરમિયાન વેપારીઓને ખાદ્ય સામગ્રીની સ્વચ્છ જાળવણી, પૌષ્ટિકતા અને વ્યવસાયને વધુ સુરક્ષિત બનાવવાની પદ્ધતિઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ભાગ લેનાર ૧૦૦ વેપારીઓને વ્યવસાય દરમિયાન સ્વચ્છતા જાળવવા માટે એપ્રન, કેપ, હેન્ડ ગ્લોવ્ઝ, તોલિયું, ડસ્ટર, મોપ અને સાબુ વગેરે સહિતની હાઈજીન કિટ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી. તાલીમ પૂર્ણ કરનાર તમામ વેપારીઓને ફૂડ સેફ્ટી સર્ટિફિકેટ સ્થળ પર જ એનાયત કરવામાં આવ્યા હતા. ફૂડ સેફ્ટી વિભાગના ફુડ સેફ્ટી ઓફિસર તેમજ દિલ્હીથી આવેલા ર્હ્વજીફ્ટઝ ટ્રેનર દ્વારા વેપારીઓને સ્વચ્છ ભોજન અને સ્વસ્થ જીવનના સિદ્ધાંતો સમજાવ્યા હતા. દહેગામ ખાતે સ્થાનિક નાગરિકોને શુદ્ધ, સાત્વિક અને સુરક્ષિત આહાર મળી રહે તે દિશામાં આ કાર્યક્રમ એક મહત્વપૂર્ણ પગલું પુરવાર થશે. તાલીમમાં જોડાયેલા તમામ વેપારીઓએ પોતાના વ્યવસાયમાં સ્વચ્છતાના તમામ માપદંડોનું પાલન કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગર દહેગામ સહિત સમગ્ર ગાંધીનગર જિલ્લામાં શુદ્ધ અને સલામત ખાદ્યચીજ મળે તે માટે સતત પ્રયત્નશીલ અને કાર્યરત છે.

તંત્રી લેખ

અમીર દેશોના સૌથી ગરીબ ૧૦% લોકો ભારતના ૧૦% અમીરો કરતાં વધુ પૈસાદાર: વર્લ્ડ બેન્કનો રિપોર્ટ

વિશ્વ બેંકના ૨૦૨૬ના રિપોર્ટ મુજબ, સમૃદ્ધ દેશોના ગરીબ ૧૦% લોકોની આવક ભારતના ટોચના ૧૦% ધનિકો કરતાં પણ વધુ છે. ભારતમાં સૌથી ધનિક ૧૦% લોકોની દૈનિક આવક માત્ર ઈ૧૦ છે, જ્યારે યુ.એસ., કેનેડા, જર્મની જેવા દેશોમાં સૌથી ગરીબ ૧૦% લોકોની દૈનિક આવક ઈ૨૫ થી ઈ૩૧ સુધી છે. આ આંકડા ભારતની આર્થિક સ્થિતિ સામે મોટો પડકાર ઊભો કરે છે.આપણે હંમેશાં માનીએ છીએ કે ભારતના ટોચના ૧૦ ટકા ધનિક વર્ગ પાસે વૈભવી જીવન અને ઉચ્ચ જીવનધોરણ છે. પરંતુ જ્યારે આ આંકડાઓની સરખામણી વૈશ્વિક સ્તર સાથે કરવામાં આવે ત્યારે એક ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવે છે. વિશ્વબેંકના વર્ષ ૨૦૨૬ના 'પૉવર્ટી એન્ડ ઈનઇક્વાલિટી પ્લેટફોર્મ'ના તાજા ડેટા અનુસાર, વિશ્વના કેટલાક સૌથી સમૃદ્ધ દેશોના સૌથી ગરીબ ૧૦ ટકા લોકોની આવક કે વપરાશ સ્તર ભારતના સૌથી ધનિક ૧૦ ટકા લોકો કરતાં પણ વધુ છે!ઇતિહાસ વાંચોવિશ્વબેંકના અહેવાલ મુજબ, ભારતમાં સૌથી ગરીબ ૧૦ ટકા લોકો માટે દૈનિક આવક અથવા વપરાશ મર્યાદા પ્રતિ વ્યક્તિ આશરે ૩ ડૉલર જેટલી છે. તેની સરખામણીમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં આ આંકડો ૨૫ ડૉલર, કેનેડામાં ૩૧ ડૉલર, તેમજ જર્મની અને ઑસ્ટ્રેલિયામાં ૨૮ ડૉલર છે.વિતરણના બીજા છેડે એટલે કે ભારતના સૌથી ધનિક ૧૦ ટકા લોકોની દૈનિક આવક કે વપરાશ મર્યાદા માત્ર ૧૦ ડૉલર પ્રતિ વ્યક્તિ છે. જ્યારે આ જ શ્રેણીના અમીર લોકો માટે આ આંકડો યુનાઇટેડ સ્ટેટ્સમાં ૧૭૩ ડૉલર પ્રતિ દિવસ, કેનેડા અને ઑસ્ટ્રેલિયામાં ૧૨૯ ડૉલર પ્રતિ દિવસ અને જર્મનીમાં ૧૨૮ ડૉલર પ્રતિ દિવસ સુધી પહોંચે છે.

ત્રીજું નોરતું :

માઁ ચંદ્રઘંટા - આશાપુરા સ્વરૂપે શાંતિમાં છુપાયેલો શંખનાદ

આસો મહિનાના શુક્લ પક્ષની એકમે જ્યારે ઘટસ્થાપન થાય છે, ત્યારે માત્ર માટીના કુંભમાં જવારા નથી ઉગતા, આપણા અંતરમાં પણ એક નવી આશા ઉગે છે. શારદીય નવરાત્રી એ સનાતન સંસ્કૃતિનો સૌથી દિવ્ય પર્વ છે.

પુરાણો કહે છેકે આ જ નવ દિવસો માં માઁ દુર્ગાએ મહિષાસુરનો વધ કરીને કહ્યું હતું - જ્યાં સુધી તારી અંદર અહંકાર રૂપી મહિષાસુર જીવે છે, ત્યાં સુધી તું મુક્ત નથી. નવરાત્રી એ બહારના રાક્ષસને મારવાનો તહેવાર નથી, અંદરના ભય, ક્રોધ અને વાસનાને મારવાનો તહેવાર છે. નવરાત્રીમાં નવ સ્વરૂપ છે- શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કૂષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિદાત્રી આમાંનું દરેક સ્વરૂપ આપણાજીવન ની એક અવસ્થા છે.

પહેલા નોરતે શૈલપુત્રી-જન્મ.

બીજા નોરતે બ્રહ્મચારિણી-તપ અને સંયમ.અને ★ત્રીજા નોરતે માઁ ચંદ્રઘંટા. અને કચ્છીઓ માટે આ જ ચંદ્રઘંટા એટલે માઁ આશાપુરા.

★ત્રીજા નોરતાનું સ્વરૂપ: માઁ ચંદ્રઘંટા એટલે શું? માઁ ચંદ્રઘંટાના મસ્તક પર અર્ધચંદ્ર છે, જે ઘંટાના આકારનો છે. એટલે તેમનું નામ ચંદ્રઘંટા. તેમના દસ હાથ છે,દરેક હાથમાં અસ્ત્ર-શસ્ત્ર છે, છતાં તેમનો ચહેરો એકદમ શાંત, સૌમ્ય અને સુવર્ણ જેવો ચમકતો છે. તેમનું વાહન વાઘ છે. આ સ્વરૂપનો મર્મ સમજવા જેવો છે. ચંદ્ર એટલે શીતળતા,મન, શાંતિ. અને ઘંટા એટલે નાદ, ચેતવણી, યુદ્ધનો શંખનાદ. માં કહે છે - "હું અંદરથી ચંદ્ર જેવી શીતળ છું, પણ જ્યારે મારા ભક્ત પર સંકટ આવે ત્યારે હું ઘંટા જેવી ગર્જના કરું છું."

માતા ચંદ્રઘંટાની ઘંટડીનો નાદ એટલો ભયાનક હોય છે કે તેને સાંભળીને જ દૈત્યો મૂર્છિત થઈ જાય છે. આ ઘંટા એટલે જ આશાપુરા માતાનો જયઘોષ, જે કચ્છના રણમાં ગુંજે છે અને ભક્તના મનના ભયને ભગાડે છે.

★માઁ આશાપુરા એટલે જ ચંદ્રઘંટા - કચ્છી પરંપરાનું રહસ્ય કચ્છના વૃદ્ધો આજે પણ ત્રીજા નોરતે માતાના મઢમાં વિશેષ પૂજા કરે છે. તેઓ માને છે કે ત્રીજા નોરતાની દેવી ચંદ્રઘંટા જ આશાપુરા તરીકે કચ્છમાં બિરાજે છે.કેમ?

ચંદ્ર જેવું સ્વરૂપ:માતાના મઢની મૂર્તિના મુખ પર જે તેજ છે, તે ચંદ્ર જેવું શીતળ છે. જે કોઈ દુઃખી ત્યાં જાય છે, તેને માત્ર દર્શનથી જ ટાઢક મળે છે.

★ઘંટા જેવી રક્ષા: જાડેજા રાજાઓ જ્યારે યુદ્ધમાં જતા ત્યારે માતાના મંદિરનો ઘંટ વગાડતા. એ ઘંટનો નાદ સાંભળીને જ સૈનિકોમાં નવું જોમ આવતું અને દુશ્મનોમાં ભય ફેલાતો. આજે પણ માતાના મઢનો ઘંટ વાગે છે ત્યારે લાગે છે કે માં પોતે જાગી ગયા.

ભય વિનાશિની:ચંદ્રઘંટા માતાનું મુખ્ય કાર્ય ભક્તોના ભયનો નાશ કરવાનું છે. અને આશાપુરા માતાનો અર્થ જ એ છે-જે ભયને હરીને આશા પૂરી કરે.તેથી ત્રીજા નોરતે જે ભક્ત માં આશાપુરાની આરાધના કરે છે,તેને ચંદ્રઘંટા માતાનું બમણું ફળ મળે છે.

★ત્રીજા નોરતાની સાધનાનું ફળ શું?શાસ્ત્રોમાં કહ્યું છે કે ત્રીજા નોરતે મણિપુર ચક્ર જાગૃત થાય છે.

આજના યુગમાં દરેક વ્યક્તિ ડરેલી છે. કોઈને નોકરી જવાનો ડર, કોઈને સંબંધ તૂટવાનો ડર, કોઈને ભવિષ્યનો ડર. આ ડર જ આપણો મહિષાસુર છે.

માઁ ચંદ્રઘંટા-આશાપુરાની ઉપાસના થી મનમાં શાંતિ આવે છે:ચંદ્રની શીતળતા મનના વિચારોને શાંત કરે છે.અનિદ્રા, ચિંતા દૂર થાય છે. -વાણીમાં મધુરતા અને શક્તિ આવે છે,ઘંટાનો નાદ એટલે વાણીનીશુદ્ધિ. જેની વાણી શુદ્ધ,તેનું જીવન શુદ્ધ.

-અદૃશ્ય રક્ષા કવચ બને છે:કહેવાય છે કે ત્રીજા નોરતે માતાની સાચા દિલથી પૂજા કરનારની આસપાસ એક અદૃશ્ય ઘંટા જેવું રક્ષા કવચ બની જાય છે, જેમાં કોઈ નકારાત્મક શક્તિ પ્રવેશી શકતી નથી.

-પરિવારમાં સંવાદ વધે છે:★ ચંદ્રઘંટા માતા પરિવારની દેવી છે. તેમની કૃપાથી ઘરમાં કલહ દૂર થાય છે.

★ત્રીજા નોરતાની રાત ગુજરાતમાં ગરબો એટલે ગર્ભદીપ -માટીના કોડિયામાં પ્રગતો દીવો.આ દીવો એ બ્રહ્માંડના ગર્ભમાં રહેલા આત્મા નું પ્રતીક છે.

ત્રીજા નોરતાની રાતે જ્યારે ખેલૈયા ઓ ચણિયાચોળી અને કેડિયામાં સજીને માતાના ગરબા ફરતે ઘૂમે છે, ત્યારે ઢોલનો તાલ અને તાળીઓનો નાદ એ જ ચંદ્રઘંટા માતાની ઘંટડીનો નાદ બની જાય છે. તે રાત્રે મનોરંજન નથી થતું, ઉપાસના થાય છે. નૃત્યના માધ્યમથી થતી ઉપાસના.

શેરી ગરબાથી લઈને મોટા પાર્ટી પ્લોટના રાસોત્સવ સુધી, ત્રીજા નોરતે જે ઉત્સાહ દેખાય છે, તે બતાવે છે કે આપણી પરંપરાનો આત્મા આજે પણ અક્ષુણ્ણ છે. નાત-જાતના ભેદ ભૂલીને સૌ એક તાલે ઘૂમે છે,એ જ તો માઁ આશાપુરાનો સંદેશ છે.

★આજે ત્રીજા નોરતે સવારે સ્નાન કરીને માં ચંદ્રઘંટા / આશાપુરા માતાને સફેદ કમળ અથવા પીળા ફૂલ ચડાવો."ૐ દેવીચંદ્રઘન્ટાયૈ નમઃ " અને "ૐ આશાપુરાયૈ નમઃ" મંત્રનો ૧૦૮ વાર જાપ કરો.

આજના દિવસે કોઈ ડરેલા વ્યક્તિને હિંમત આપો, તે સૌથી મોટી પૂજા છે.સાંજે ગરબીમાં દીવો પ્રગટાવીને માતાના સાન્નિધ્યમાં થોડી વાર મૌન બેસો. ઘંટનો નાદ સાંભળો, તે તમારી અંદર જ વાગી રહ્યો છે.

ત્રીજું નોરતું આપણને શીખવે છે - શાંત રહો, પણ ડરો નહીં. શીતળ રહો, પણ જ્યારે સત્ય માટે લડવાનું આવે ત્યારે ઘંટા જેવા ગર્જી ઉઠો.

એ જ માં ચંદ્રઘંટા છે, એ જ માઁ આશાપુરા છે.બોલો માઁ ચંદ્રઘંટા માત કી જય!★

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા તા ઓગડ જિ બનાસકાંઠા ★

નવરાત્રી ઉત્સવમાં દેખાવડો ડીજે કે ઘોઘાટની શી જરૂર છે ?....

અમદાવાદ : મંદિરમાં જઈએ ત્યારે આપણે એવું કહેતા હોઈએ છીએ કે-મને તો પરમ શાંતિ મળી ! તો એ જ મંદિરમાં બિરાજતા માતાજીને ઘરે લાવતી વખતે શાંતિનો અર્થ બદલી કેમ નાંખીએ છીએ?

આપણને જો ટ્રાફિક જામમાં કંટાળો આવતો હોય તો-ત્રાસ લાગતો હોય તો ભગવાન આટલા બધા ટ્રાફિક વચ્ચે, ટોળાં વચ્ચે કંટાળી નહીં જતા હોય?? ત્રાસી નહીં જતા હોય?

આપણે જ ઘણીવાર એવું કહેતા હોઈએ છીએ કે ભગવાન સામે દેખાડા શું કરવાના?? તો માતાજીના ગરબામાં આટલો બધો દેખાડો કોના માટે કરીએ છીએ?

પહેલાના જમાનામાં માતાજીનો ફોટો કે ગરબો મૂકી ગરબા ગાતા હતા તો પછી આજે આવો મોટો ખર્ચો કરી માતાજીને નામે લૂંટ ચલાવવાની શી જરૂર છે

હવે આજકાલ નવો ટ્રેન્ડ શરૂ થયો છે. મંડળો કે સોસાયટી ઓ માં માતાજીની ભક્તિ ના નામે લાખો રૂપિયાનો ધુમાડો કરી રહ્યા છે. બીજું ક્યાં કલાકારો પાર્ટી પ્લોટમાંઆવનાર છે ભક્તિ નહીં, પણ એકબીજા ની દેખા દેખી અને હરીફાઇ ચાલી રહી છે આજે પણ હજુ પોળકે શેરીમાં ઘોઘાટ વગરના ગરબા થાય છે તો વળી પાર્ટી પ્લોટ માં એકસાથે દસ-દસ સ્પીકર ગર્જે, કાનના પડદા ધ્રૂજે, રસ્તા બંધ થાય, એમ્બ્યુલન્સ અટકે, બાળકો ગભરાય, ઘરડાઓ બેચેન થાય અને આપણે આ બધાને 'ઉત્સાહ' કહીએ છીએ, આપણે એને 'ઉત્સવ'નું નામ આપીએ છીએ !

આ ઉત્સાહ નથી, -આ આપણી અસંવેદનશીલતા છે. બીજા પ્રત્યેની અસંવેદનશીલતા !

બીજાને તકલીફ આપીને ભક્તિ ક્યારેય સાબિત કરવાની હોતી નથી. પ્રાર્થનાનો અવાજ માતાજી કે ભગવાન સુધી પહોંચાડવા માટે ડીજેના હજારો વૉટની જરૂર પડતી નથી. નવરાત્રી માં આખું શહેર માથે લેવાની કોઇ જ જરૂર નથી. તમારો અવાજ મોટો એટલે માતાજી કે ભગવાન તમારા પર વધારે પ્રસન્ન-આવી કોઇ જાહેરાત કોઇપણ ભગવાને કે માતાજીએ કરી નથી !

રસ્તા પર કલાકો સુધી ટ્રાફિક જામ રહે છે. કોઈને હોસ્પિટલ પહોંચવાનું હોય છે, કોઈને ટ્રેન પકડવાની હોય છે, કોઈને આખો દિવસ કામ કરીને ઘરે જલ્દી જવું હોય છે, કોઈના ઘરમાં નાનકડું બાળક ઊંઘતું હોય છે. કોઈનું માથું દુખતું હોય છે-પણ આપણી પાસે એક જવાબ તૈયાર છે-"ઉત્સવ છે, થોડું તો સહન કરવું પડે!"

સવાલ એ છે કે ઉત્સવ હંમેશા બીજાને દુખી કરીને જ ઉજવાય?? સવાલ એ પણ છે કે થોડું એટલે કેટલું??? અને સવાલ એ પણ છે કે મજા તમે કરો તો સહન હંમેશાં બીજાએ જ કરવાનું?

ડીજે વગાડનાર સહન નથી કરતો. રસ્તો રોકનાર સહન નથી કરતો. નિયમ તોડનાર સહન નથી કરતો. સહન એ અજાણ્યો માણસ કરે છે, જેને ઉત્સવ સામે કોઈ વાંધો નથી, એનો વાંધો માત્ર ઉત્સવ સાથે જોડાયેલા ઘોંઘાટ સામે છે !

અત્યારે માતાજી કરતાં કેમેરા વધારે હોય છે. આરતી કરતાં રીલનું પ્લાનિંગ પહેલાં થાય છે. માતાજી સામે હાથ જોડતાં પહેલાં મોબાઈલનો ફ્રન્ટ કેમેરો ચાલુ થાય છે. ચહેરા પર ભક્તિ કરતાં વધારે ચિંતા એ હોય છે કે વિડિયોમાં મંડળની ભવ્યતા દેખાશે કે નહીં !! વધારે વ્યૂઝ મળશે કે કેમ?

આપણે માતાજી ના ગરબા નથી કરતા એટલો દેખાડો વધુ કરીએ છીએ

માતાજીની નવરાત્રી ભક્તિ નું પ્રતીક અને સામાજિક એકતાનું પર્વ છે લોકો ભેગા થાય, સંવાદ થાય, સમાજમાં જાગૃતિ આવે, કલા અને સંસ્કૃતિને સ્થાન મળે-એ એની મૂળ ભાવના હતી. આજે સામાજિક એકતાની જગ્યાએ વિસ્તારનું વર્ચસ્વ આવી ગયું છે.

ઉત્સવ જરૂર ઊજવીએ. ઢોલ પણ વગાડીએ, નૃત્ય પણ કરીએ, આનંદ પણ છલકાવીએ. પણ આનંદ અને અતિરેક વચ્ચેની રેખા ઓળંગીએ નહીં. એ રેખા ઓળંગાય ત્યારે બીજાની શાંતિ છીનવાઈ જાય છે, ત્યાં ઉત્સવ પૂરો થાય છે અને ઉપદ્રવ શરૂ થઈ જાય છે.

આ વખતે પહેલાં એક નાનકડો સવાલ જાતને પૂછજો-કે તમે માતાજીને પ્રશ્ન કરવા નીકળ્યા છો કે લોકોને પ્રભાવિત કરવા નીકળ્યા છો?


એકવાત યાદ રાખજો, માતાજી કદાચ ડીજેની સામે નહીં જુએ. માતાજી એ એમ્બ્યુલન્સ તરફ જોશે, જે તમારા ઘોઘાટના કારણે છે. માતાજી એ ઘરડા માણસ તરફ જોશે, જે ઘોંઘાટથી ત્રસ્ત છે. માતાજી એ બાળક તરફ જોશે, જે ડરીને માની છાતીએ વળગી ગયું છે.

અને પછી કદાચ મા ભવાની કે અંબા તમારી સામે જોઈને જ પૂછશે કે-"મારીમાં ભક્તિમા આટલો દેખાડો કરવાની શું જરૂર છે આટલો દેખાડાનો ખર્ચો કર્યો એના કરતા કેટલાક અનાથ બાળકો ને જમાડ્યા હોત કે પછી કોઈ ની દવા પાછળ ખર્ચો કર્યો હોય તો કેવું સારૂ..?....

શું જવાબ આપશો-ત્યારે ?

--વસંત મહેતા (સિનિયર પત્રકાર -લેખક)

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ-૨૦૨૬નો શુભારંભ કરાવ્યો



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ-૨૦૨૬નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે 'આહ્વાન મા આદ્યશક્તિ'ની થીમ પર ૮૦૦થી વધુ કલાકારોએ ગુજરાતની લોકસંસ્કૃતિ, શક્તિ ઉપાસના, સંગીત, નૃત્ય અને આધ્યાત્મિક પરંપરાનું નિરૂપણ કરતી મનમોહક સાંસ્કૃતિક પ્રસ્તુતિ કરી હતી.જગતજનની મા આદ્યશક્તિની ભક્તિ અને આરાધનાના મહાપર્વ નવરાત્રિના પ્રારંભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સૌ નાગરિકોને શુભકામનાઓ પાઠવી હતી. તેમણે ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવા, સ્વચ્છતા જાળવવા તથા માતાઓ-બહેનો અને દીકરીઓની સુરક્ષા અને સન્માનના સંકલ્પ સાથે નવરાત્રિ પર્વની ઉજવણી કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને રાષ્ટ્રસેવાનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાં એ ગૌરવની બાબત છે. વિઝનરી નેતૃત્વ અને જનભાગીદારીના સમન્વયથી વિકાસનાં નક્કર પરિણામો પ્રાપ્ત કરી શકાય છે, તેનું પ્રેરણાદાયી ઉદાહરણ વડાપ્રધાનશ્રીએ દેશ અને દુનિયા સમક્ષ પ્રસ્તુત કર્યું છે.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતની સદીઓ જૂની લોકપરંપરા નવરાત્રિ અને ગરબાને વૈશ્વિક ઓળખ અપાવવામાં વડાપ્રધાનશ્રીનું દિશાદર્શન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. બીજી તરફ, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના માધ્યમથી રાજ્યના વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રની સાહસિકતાને વૈશ્વિક મંચ મળ્યો છે.તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રીના વિઝન અને પ્રયાસોથી લોકોત્સવોને જનભાગીદારી અને પ્રવાસન સાથે સાંકળવામાં આવ્યા છે. આના પરિણામે રાજ્યની સાંસ્કૃતિક ઓળખને નવી ઊંચાઈ મળવાની સાથે સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળ્યો છે.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નવરાત્રિ મહોત્સવમાં હસ્તકલા કારીગરોના હાટ અને સખી મંડળો દ્વારા ઉત્પાદિત વસ્તુઓને સ્થાન આપીને 'વોકલ ફોર લોકલ'ના મંત્રને સાકાર કરવામાં આવી રહ્યો છે. આ પહેલથી સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન મળવાની સાથે નાના વેપારીઓ, હસ્તકલા કારીગરો અને મહિલા સ્વસહાય જૂથોને રોજગાર તથા આજીવિકાની તકો પ્રાપ્ત થઈ રહી છે.પરંપરાગત ઉત્સવોને સ્થાનિક ઉત્પાદનો, પરંપરાગત કળા અને રોજગાર સાથે સાંકળવાનો આ અભિગમ નવરાત્રિને માત્ર સાંસ્કૃતિક ઉત્સવ પૂરતો મર્યાદિત ન રાખતાં સર્જનાત્મક અર્થતંત્રના વિકાસનું પણ પ્રતીક બનાવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.શ્રી પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી ગુજરાતની આગવી સાંસ્કૃતિક ઓળખ સમાન ગરબાને યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સ્થાન મળ્યું છે. એટલું જ નહીં, કચ્છનો રણોત્સવ, સાપુતારા ફેસ્ટિવલ અને માધવપુરનો મેળો જેવાં આયોજનો ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાઓને દેશ-વિદેશમાં ઉજાગર કરી રહ્યાં છે.

શિક્ષણકુંજ દ્વારા રાજ્યકક્ષાની ઓનલાઈન ચિત્રસ્પર્ધા યોજાઇ



શિક્ષણકુંજ ગ્રૂપનાં સંચાલકો શ્રી દિનેશભાઈ ચૌહાણ, શ્રી નરેન્દ્રભાઈ કાલરિયા અને શ્રી રાજેશભાઈ ડાભી દ્વારા રાજ્યકક્ષાની ઓનલાઈન 'રંગોની દુનિયા' ચિત્રસ્પર્ધા , ઓગસ્ટ/સપ્ટેમ્બર-૨૦૨૬ યોજવામાં આવી હતી. આ ચિત્રસ્પર્ધા બે વિભાગમાં યોજવામાં આવી હતી. વિભાગ-૧ માં ધોરણ ૪ થી ૮ સુધીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિભાગ-૨ માં ધોરણ ૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ચિત્રસ્પર્ધામાં ગૂગલ ફોર્મના માધ્યમથી તા. ૧૯/૦૮/૨૦૨૬ થી તા. ૨૦/૦૯/૨૦૨૬ સુધી ઓનલાઈન ચિત્રો મંગાવવામાં આવ્યા હતા. બંને વિભાગમાં ગુજરાતનાં જુદાં-જુદાં જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિક્ષણકુંજ દ્વારા આયોજિત રાજ્યકક્ષાની ઓનલાઈન 'રંગોની દુનિયા' ચિત્રસ્પર્ધાનું પરિણામ તા.૦૧/૧૦/૨૦૨૬નાં રોજ જાહેર કરવામાં આવ્યું હતું. વિભાગ-૧ માંથી પ્રથમ નંબર બબલુ હરિલાલ દેહદીયા (જિ. જામનગર), દ્વિતીય નંબર આઈશા અહમદભાઈ ખત્રી (જિ. કચ્છ) અને તૃતીય નંબર આસ્થા બિમલભાઈ પટેલે (જિ. વલસાડ) મેળવ્યો હતો. વિભાગ-૨ માંથી પ્રથમ નંબર હિમાની રાજેશભાઈ પઢારિયા (જિ. ખેડા), દ્વિતીય નંબર મિલન અમરતભાઈ પ્રજાપતિ (જિ. બનાસકાંઠા) અને તૃતીય નંબર જ્યોતિબેન હરચંદભાઈ ઘાંચી (જિ. વાવ-થરાદ)એ મેળવ્યો હતો. વિજેતાઓને ઈનામની રકમ અને ડિજિટલ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને ડિજિટલ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જે શિક્ષકોએ પોતાની શાળાનાં ૨૦ થી વધુ વિદ્યાર્થીઓને 'રંગોની દુનિયા' ચિત્રસ્પર્ધામાં ભાગ લેવડાવ્યો હતો એ શિક્ષકોને શિક્ષણકુંજ તરફથી ડિજિટલ સન્માનપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. શિક્ષણકુંજ દ્વારા દર બે મહિને રાજ્ય કક્ષાની ઓનલાઈન સ્પર્ધાઓ યોજવામાં આવે છે અને દ્વિમાસિક ઈ-મેગેઝિન પ્રકાશિત કરવામાં આવે છે. આ ઉપરાંત શિક્ષણકુંજ દ્વારા દરરોજ વ્હોટ્સએપ ગ્રૂપમાં આજનું પંચાંગ, સુવિચાર, ઉખાણું, અવનવું, મહત્ત્વની ઘટનાઓ, જાણવા જેવું, જનરલ નૉલેજ અને દિન વિશેષ શેર કરવામાં આવે છે. શિક્ષણકુંજ દ્વારા મહત્ત્વનાં દિવસોએ ઓનલાઈન ઈ-સર્ટિફિકેટ ક્વિઝ યોજવામાં આવે છે.

સ્વચ્છ રસોડું, શુદ્ધ ભોજન અને ગ્રાહકોનો વિશ્વાસ: સુરતથી શરૂ થયેલી પહેલને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ બિરદાવી

તંદુરસ્ત ગુજરાતના નિર્માણ માટે માત્ર સરકારી ગાઈડલાઈનનું પાલન જ નહીં, પરંતુ પોતાની નૈતિક જવાબદારી સમજીને સ્વચ્છતા, ગુણવત્તા અને પારદર્શકતાને પ્રાથમિકતા આપતા રેસ્ટોરન્ટ સંચાલકો અન્ય માટે પ્રેરણારૂપ બની શકે છે. આ જ ભાવનાને પ્રોત્સાહન આપવા રાજ્યના આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ સુરતના મોટા વરાછા સ્થિત ચુંદડી રેસ્ટોરન્ટ તેમજ મૌસમ રેસ્ટોરન્ટની મુલાકાત લીધી હતી.રેસ્ટોરન્ટના સંચાલકો દ્વારા ગ્રાહકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ભોજન મળી રહે તે માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓની સરાહના કરતાં મંત્રીશ્રીએ સ્વચ્છતા અને પારદર્શકતાને વ્યવસાયનો અભિન્ન હિસ્સો બનાવવા અનુરોધ કર્યો હતો.રેસ્ટોરન્ટમાં રસોડાની સ્વચ્છતા જાળવવા ઉપરાંત કિચનમાં ઝઝ્ફ કેમેરા ગોઠવવામાં આવ્યા છે અને તેની ડિસ્પ્લે એવી રીતે રાખવામાં આવી છે કે ગ્રાહકો પણ ભોજન બનાવવાની પ્રક્રિયા જોઈ શકે. આ વ્યવસ્થાથી રસોડામાં કેવી રીતે ભોજન તૈયાર થાય છે તે અંગે ગ્રાહકોને પારદર્શકતા મળે છે અને તેમનો વિશ્વાસ મજબૂત બને છે.આ ઉપરાંત રેસ્ટોરન્ટમાં કયા બ્રાન્ડની ચીઝ, પનીર અને બટરનો ઉપયોગ થતો હોવા અંગે બોર્ડ લગાવવામાં આવ્યાં છે. સાથે જ એનાલોગ પનીર કે ચીઝનો ઉપયોગ કરવામાં આવતો નથી તેવી સ્પષ્ટ માહિતી દર્શાવતા બોર્ડ પણ મૂકવામાં આવ્યાં છે. ગ્રાહકોને ઉપયોગમાં લેવાતી સામગ્રી અંગે સ્પષ્ટતા મળી રહે તે દિશામાં કરવામાં આવેલી આ પહેલની મંત્રીશ્રીએ પ્રશંસા કરી હતી.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO : 413
વિષય : ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક : યાદોની વણઝાર
પ્રકાર : અછાંદસ
શબ્દો : ૮૩

એક તૂટેલી ખાલી ખુરશી,
એટલે યાદોની વણઝાર.
દિવસ રાતની યાદો સમાયેલ
એવી એ ખુરશી.

પાંગળી થયેલ એક પગે તોય,
સહારો આપવા બીજા પાયે અડીખમ.
કરોડરજ્જુ ભાંગેલી કડડડડડડડ
છત્તા બેસવાની મજા તો અપાવે.

લોકો જુએ સલાહ આપે
અરે હવે તો નકામી થઈ;
કેમ સાથ હજુ નથી છોડતા?
એમને કેમનું સમજાવું,
વરસો જુનો સથવાર એનો
આવા હાલે શીદને ત્યજી દેવાય?

જો એની જગ્યાએ પ્રિયજન હોય
તો કદી આવો વિચાર આવે?
તો પછી એ નિર્જીવ સાથનો પણ થોડો વિચાર કરાયને;
જેના મુલાયમ સ્પર્શને તમે વરસો માણ્યો.

રીટા 'રીટ્ઝ' (મુંબઈ)
★★★★★★★
NOG SS NO: 223

વિષયઃ ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષકઃહોવા અને ના હોવાનો અહેસાસ
પ્રકારઃપદ્ય
શબ્દ સંખ્યાઃ૧૬

બાપુજીની ખુરશીએ જીવંત થાય
સ્મૃતિ પટે યાદોની વણઝાર ઉભરાય,
પરિવાર અર્થે તવ સંઘર્ષ સ્નેહ સર્મપણ અહેસાસ થાય.

બા તવ પૂજામંદિરે પ્રાર્થના શ્લોક ભજન આરતી સંભળાય,
આજે પણ તવસ્મિત સ્નેહઆશિષ અમ પથદર્શક પ્રકાશ.

મિત્રો જે અનંતની યાત્રાએ ચાલ્યા ગયા ઝૂલતી રહી ખુરશી,
આજે ખુરશી અહેસાસ કરાવે એ પ્રિયપરિવાર સ્વજનો પ્રિયજનોની હસ્તિ.

કોઈ આવી ખુરશી પર બેસી આવજો કહી લઈ જાય વિદાય,
આ આવવું મળવું અને કાયમ માટે ચાલ્યા જવું એ જ ઋણાનુંબંધ,

રાજસત્તાની ખુરશી ધર્માધ્યક્ષોની ખુરશી ન્યાયાધીશની ખુરશી,
નાની-મોટી ખુરશીઓ અહ્મ-માયાજાળ પ્રતીક લાગે ખુરશી.

ખુરશી પર બેસી લાવી શકો ખુશી પ્રેમ હાસ્ય કરુણા, તો લોક હૃદયે ઈતિહાસે બની જાય અમર તમારી ખુરશી.

ખુરશી તો છે પ્રતીક તમારા ગુણો સદ્કાર્યો ની સુંગધ રહી જશે,
અસ્તિત્વમાં હોવા ના હોવાનો અહેસાસ સૌ હૃદયે રહી જશે.

-દેવેન્દ્ર આચાર્ય (અમદાવાદ)
★★★★★★★
NOG SS NO : 003
વિષય : ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક : ખુરશી ખાલી, કર્મોની ગવાહી
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૯૩

ખુરશી ખાલી થાય છે, પણ એની સાથે જોડાયેલો ઈતિહાસ ક્યારેય ખાલી થતો નથી!

ખુરશી માત્ર લાકડા કે ધાતુથી બનેલું આસન નથી; એ પોતાની અંદર સમય, સંબંધો, સંઘર્ષો અને સ્મૃતિઓનો આખો ઈતિહાસ સમાવી શકે છે. કોઈ ઘરના ખૂણામાં પડેલી ખાલી ખુરશી હોય કે કોઈ સંસ્થાના કાર્યાલયમાં પડેલું ખાલી આસન, બંને પાછળ એક વાર્તા હોય છે. ક્યાંક લાગણીઓની, ક્યાંક જવાબદારીની, તો ક્યાંક સત્તા અને સ્વાર્થની!

જીવનમાં ખુરશીનું આકર્ષણ અજબ છે. રાજકારણ હોય, સમાજસેવા હોય, સાહિત્યજગત હોય કે કોઈ સંસ્થાનું પદ, ખુરશી મેળવવા માટે કેટલાક લોકો સંબંધો પણ દાવ પર લગાવી દે છે. કોઈ બીજાની ખુરશી છીનવીને આગળ વધે છે, તો કોઈ પદ મેળવવા માટે પોતાના સિદ્ધાંતો સાથે પણ સમાધાન કરી લે છે. પરંતુ કટાક્ષ એ છે કે ખુરશી તો મળી જાય છે, પણ શું તેની સાથે જોડાયેલી પ્રતિષ્ઠા પણ મળે છે? પદ પર બેસવાથી અધિકાર મળી શકે, હૃદયમાં સ્થાન નહીં!

બીજી તરફ, કેટલાક લોકો એવા પણ હોય છે, જેઓ સમય આવે ત્યારે ખુરશી છોડતાં સહેજ પણ અચકાતા નથી. કારણ કે તેઓ જાણે છે કે ખુરશી કરતાં તેના પર રહીને કરેલું કાર્ય વધુ મહત્ત્વનું છે. ખુરશી છોડ્યા પછી પણ જો તેમનાં કાર્યોની ચર્ચા થાય, વિચારોનું સન્માન થાય અને તેમની ગેરહાજરી અનુભવાય, તો સમજવું કે તેમણે પદ નહીં, પણ લોકોનો વિશ્વાસ જીત્યો છે.

ખાલી ખુરશી ત્યારે જ અર્થપૂર્ણ બને છે, જ્યારે તેની સાથે ભરેલી યાદો જીવંત હોય. એ યાદો કોઈના સદ્કાર્યોની હોઈ શકે, કોઈના અન્યાયની પણ હોઈ શકે. સમય દરેક ખુરશી ખાલી કરે છે, પરંતુ ઈતિહાસ એ જરૂર નોંધે છે કે તેના પર બેસનાર વ્યક્તિએ શું કર્યું હતું.

અંતે, ખુરશી કાયમી નથી, પદ કાયમી નથી, સત્તા પણ કાયમી નથી. કાયમી છે તો માત્ર કર્મોની છાપ. ખુરશી ખાલી થઈ જાય પછી પાછળ શું બચે છે. માન કે અફસોસ, સન્માન કે ઉપેક્ષા, એનો નિર્ણય ખુરશી નહીં, પણ તેના પર બેસીને કરેલું કાર્ય કરે છે.

મીનાક્ષી રાવલ - સત્યની આંખે (ગાંધીનગર)
★★★★★★★
NOG SS No : 110
વિષય- 'ખાલી ખુરશી અને ભરેલી યાદો'
શીર્ષક- 'નેહાના દાદુ'
પ્રકાર- ગદ્ય-ટૂંકી વાર્તા શબ્દ- ૩૪૯

નેહાના પ્રિય દાદુ આ દુનિયા છોડીને કાયમ માટે ચાલ્યા ગયા ત્યારથી એના મનમાં એક અજંપો રહેતો હતો. આમ તો એક વર્ષ પહેલાં નેહાના લગ્ન થઈ ગયા અને દિપક સાથે એનો સુખી સંસાર વસાવ્યો, છતાં લગ્ન પછી જ્યારે તે ઘરે આવતી અને મુખ્ય દ્વાર ખોલીને ઘરમાં પ્રવેશતી ત્યારે દીવાનખંડની મધ્યમાં રોકિંગ ચેર ઉપર આરામથી બેઠેલા દાદુ નજરે પડતા. 'આવી ગઈ બેટા! આવ અહીં તારા દાદુની પાસે બેસ, મારે તારી સાથે બહુ વાતો કરવી છે.' કહીને લાગણી ભીનો આવકાર મળતો. હવે એ ઘરમાં પ્રવેશતાં જ નોંધ લેતી કે, રૂમની મધ્યમાં ખાલી ખુરશી છે, પરંતુ ઉપર બિરાજતા તેના દાદુ ગાયબ છે.

નાનપણથી જ નેહા માટે તેના દાદુ એટલે 'દુનિયાનું શ્રેષ્ઠ પાત્ર' અને દાદુ માટે નેહા તેમની સમગ્ર દુનિયા હતી. ચુલબુલી અને બટકબોલી નેહા દાદુની આંગળી પકડીને પાર્કમાં જતી, તેમના ખોળામાં બેસીને કેટલીય વાર્તાઓ સાંભળતી, ખુરશીમાં બેઠેલા દાદુને ઊભા કરી એમના ખભે ચડી દાદુને તુકારે બોલાવી ઘોડો ઘોડો કરતી અને દોડાવતી પણ ખરી. નેહા મોટી થતાં શાળા અને કોલેજથી પાછી આવીને સ્કુલબેગ બાજુમાં મૂકી સૌથી પહેલાં દાદુને વળગી પડતી અને આખા દિવસની ખાટી-મીઠી બધી જ વાતો દાદુ આગળ કરતી. દાદુ પણ આંખ મિચકારી નેહાની બધી જ વાતો સાંભળીને ટીખળમાં તેમની હથેળીઓ નેહાની હથેળીઓ સાથે અથડાવીને હાઈફાઈ કરતાં.
નેહા ડોક્ટર બની ગઈ અને દિપક સાથે પ્રેમ થઈ ગયો. આની પણ સૌ પ્રથમ ખબર તેણે દાદુને કરી હતી. નહીં કે પપ્પા-મમ્મીને. એક દિવસ પપ્પા મમ્મીની ગેરહાજરીમાં દાદુને ઘરની નજીકના પાર્કમાં લઈ જઈને દિપક સાથે મુલાકાત પણ કરાવી અને એ પણ કેવી રીતે? 'દિપક, જો આ મારા બેસ્ટ ફ્રેન્ડ, મારા દાદુ', છે ને તારાથીય હેન્ડસમ!' ત્રણેય હસી પડ્યા.

ઘરમાં પ્રવેશતાં જ નેહાને રૂમની મધ્યમાં ખુરશીમાં બેસતા દાદુનો હસતો ચહેરો અને એમની પ્રેમાળ હાજરી યાદ આવતી. આજે એણે નક્કી કર્યા મુજબ ઘરે જઈને દાદુની ખાલી ખુરશીની બાજુમાં બેસી મનમાં ને મનમાં મીનીટો સુધી લાંબો સંવાદ કર્યો અને કહ્યું, 'દાદુ હવે મારી ગાંડી ઘેલી વાતો કોણ સાંભળશે?' નેહા ધ્રુસકે ધ્રુસકે રડી પડી ત્યારે જ સામે મુકેલા દાદુના હસતા ચહેરાવાળા ફોટા ઉપર ચડાવેલું ગુલાબનું પુષ્પ નીચે પડી પવનથી નેહા તરફ સરકી આવી આશીર્વાદ આપી ગયું.

નિખિલ કિનારીવાળા (અમદાવાદ)
★★★★★★★
NOG.SS NO :408
વિષય :ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક--સંવેદના ના સ્પંદનો
પ્રકાર :ગદ્ય
શબ્દો : ૩૩૫

સંસાર ના રંગમંચ માં જીવન રૂપી ખુરશી માં કાયમી વસવાટ કોઈ નો નથી ,મુસાફરો બદલાતા રહે છે. ફક્ત રહે છે તો અસંખ્ય યાદો નો અહેસાસ જે ખુરશી માં જીવંતતા ભરી દે છે.
આ નશ્વર સંસાર માં કોઈપણ વસ્તુ,સ્થાન,કે સત્તા સ્થાયી નથી હોતા. સમયાનુસાર પોતાના સ્થાન ને ત્યજી દેવું પડે છે. ત્યારબાદ મળે છે એકલતા,નીરસતા,અધૂરાપણું અને ખાલીપો. રિકત દેખાતી ખુરશી કયારેય ખાલી નથી હોતી એ ભરપૂર યાદોની યાદી થી ભરેલી હોય છે.જીવન ની શૂન્યતા આત્મા ને પરમાત્મા સુધી જોડવા માટે આત્મખોજ કરાવે છે.માનવ નો અહંકાર શૂન્ય થાય ત્યારે ધ્યાન આવે કે આ દુનિયા માં કોઈ નો સમય એકસરખો નથી રહેતો. જે વીતી ગયું તે વ્યતીત થઈ ગયું છે તેનો
આભાર - નિહારીકા રવિયા સ્વીકાર કરી જીવન ને અવિરતપણે ચલાવતા રહો.
બાહ્ય દ્રષ્ટિ એ જોવા જઈએ તો ખુરશી નિર્જીવ છે અને તેનો સંબંધ હંમેશા સજીવ સાથે રહ્યો છે.ખુરશી સંવેદનાહીન છે પરંતુ તે યાદો દ્વારા સંવેદના ના સ્પંદન ને જીવંત રાખે છે. વ્યકિત ખુરશી પર બેસી ને તેમાં ઉતાર ચઢાવ,જીવન ના સુખ દુ:ખ નો અનુભવ કરે છે.અને પછી ફક્ત જીવન ની સુનહરી યાદો અને જીવન ની શૂન્યતા ને અનુભવે છે.

મનુષ્ય પૂરી જિંદગી જે સ્થાન માટે મદમસ્ત બની ને દોડતો રહ્યો, બધા ને પાછળ કરતો રહ્યો,દગો,વેરઝેર જેવા કેટલાય દુર્ગુણો ને અપનાવતો રહ્યો પરતું એને રિકત કરી યાદો ના પિટારા સાથે જ સફર કરવો પડે છે ને સજીવતા અને નિર્જીવતા વચ્ચે ના સંવાદ ને માણવો પડે છે. મનુષ્ય ખુરશી સાથે ના સંબંધો ના આસનો ઉપર વિરાજતો રહે છે અને પછી છેલ્લે યાદો ના સ્મૃતિવન માં વિચરતો રહે છે.
જીવન ના તાણાવાણા માં ગૂંથાતી આ ખાલી ખુરશી શૂન્યતા થી પૂર્ણતા તરફ જવાનું બતાવે છે.યાદો ના ખજાના માં પ્રેમ,કેટકેટલીય વાતો ને લાગણીઓ નો દરિયો વહેતો હોય છે. પરંતુ આ મોહ ની માયાજાળ માં થી છૂટી ને ખુરશી ને ખાલી કરવી પડે છે.ત્યારે જ માનવ સમજે છે કે જે દેખાય છે તે ક્ષણભંગૂર છે અને જે યાદો ને અનુભવાય તે જ અનંત છે,અજય છે.
" આંખો થી જુએ તો ખાલી છે,પણ હદય ની ગહરાઈ થી અનુભવો નો મેળો છે,
આ તો ફક્ત ખાલી ખુરશી પાછળ છુપાયેલો,આખી જીંદગી ની યાદો નો અમૂલ્ય ખજાનો છે."
પારુલ શાહ-બ્રેમ્પટન (કેનેડા)

પાટણમાં ભાજપ-કોંગ્રેસ કાર્યકરો વચ્ચે ઘર્ષણઃ રાહુલ ગાંધી સામે વિરોધ કરવા પહોંચેલી ભાજપ મહિલા મોરચા પર શાહી ફેંકાઈ; પોલીસે ટીંગાટોળી કરતાં કોંગ્રેસનો વિરોધ

પાટણ શહેરમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે સામસામે વિરોધ પ્રદર્શન દરમિયાન ઉગ્ર ઘર્ષણ સર્જાયું હતું. ભાજપ મહિલા મોરચા દ્વારા કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન શાહી ફેંકવાની ઘટના બનતા મામલો વધુ તંગ બન્યો હતો. પોલીસે સ્થિતિ નિયંત્રણમાં લેવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.
પાટણ જિલ્લા ભાજપની મહિલા કાર્યકરો રેલી સ્વરૂપે કોંગ્રેસ કાર્યાલય ખાતે વિરોધ નોંધાવવા પહોંચી હતી. આ દરમિયાન ભાજપની મહિલાઓએ રાહુલ ગાંધી વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર પોકારી દેખાવો કર્યા હતા. આ સમયે કોંગ્રેસ કાર્યાલય પર ઉપસ્થિત મહિલાઓ અને કાર્યકરોએ વિરોધ કરી રહેલી ભાજપની મહિલા કાર્યકરો પર શાહી ફેંકી હતી. શાહી ફેંકવાની આ ઘટના બાદ બંને પક્ષો વચ્ચે પરિસ્થિતિ વધુ વણસી હતી અને ભારે હોબાળો મચી ગયો હતો.
નખ માર્યા અને હુમલાનો આરોપ મૂક્યો
જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ જયાબેન ઠાકોરે જણાવ્યું કે, "રાધનપુર નગરપાલિકાના મહિલા હોદ્દેદારો સહિત ભાજપ મોરચાની મહિલાઓએ અમારા કાર્યાલયમાં ઘૂસીને અમારા પર હુમલો કર્યો. તેઓ રાહુલ ગાંધીજીના ફોટા પર શાહી ફેંકવા આવ્યા હતા, પરંતુ એ જ શાહીથી તેમના પોતાના મોઢા કાળા થઈ ગયા. અમારા પર શાહી ફેંકવામાં આવી, કપડાં ફાડી નાખવામાં આવ્યા અને નખ મારીને શારીરિક ઈજાઓ પહોંચાડવામાં આવી. ૧૫-૨૦ મિનિટ સુધી અમને હેરાન કરવામાં આવ્યા. આશ્ચર્યની વાત એ છે કે અમારા પોતાના કાર્યાલયમાં હુમલો થયો હોવા છતાં, પોલીસે અમારો બચાવ કરવાને બદલે ભાજપના લોકોનો બચાવ કર્યો, અમારી સાથે ખરાબ વર્તન કર્યું અને ઉલટાનું અમને જ ખોટી રીતે ડિટેઈન કરી લીધા. અમે આ અસંવેદનશીલ વર્તન અને હુમલા સામે પોલીસ ફરિયાદ નોંધાવવાના છીએ."

બંને પક્ષે ફરિયાદ લેવા માગ

પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યું હતું કે, અંદર ૬અજીઁ અનેઁ બેઠા હતા અને એક નવાઁજીંએ મને ન ઓળખતા અંદર જવાની ના પાડી હતી. ત્યારબાદ તેમણે સ્વીકાર્યું કે 'મને ખબર



નહોતી અને ૬અજીઁએ કોઈને અંદર ન આવવા દેવાની સચના આપી હોવાથી રોક્યા હતા.' આ

સાથે જ એ ઈશ્યુ ત્યાં જ પૂરો થઈ ગયો હતો. ભારતીય જનતા પાર્ટીની બહેનોએ કોંગ્રેસ કાર્યાલયે જઈને બબાલ કરવાનો પ્રયાસ કર્યો હતો. જો ભાજપના મહિલાઓની ફરિયાદ લેવામાં આવે, તો કોંગ્રેસના જયાબેન પર થયેલા હુમલાની પણ ફરિયાદ દાખલ થવી જોઈએ. આવા વિરોધ કાર્યક્રમો અને ભીડમાં પોલીસ સાથે ઘર્ષણ થવું સામાન્ય બાબત છે, પરંતુ કોઈ કાર્યકરને માર મારવામાં આવ્યો હોય તેવી ફરિયાદ મને મળી નથી. જોકે, કોઈ અધીકારી કે કર્મચારી દ્વારા અપશબ્દો બોલવામાં આવ્યા હોવાની ફરિયાદ મળશે, તો તે પોલીસકર્મી વિરુદ્ધ પણ ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે.

ગેરસમજનું સમાધાન થઈ ગયું
પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યું હતું કે પોલીસ સાથે જે ઘર્ષણ થયું, એની વાત એવી હતી કે અંદર ડીવાયએસપી (૬અજીઁ) અને પીઆઈ (઼) બેઠા હતા અને એક પોલીસ... જે પીએસઆઈ (ઁજીં) હતા, એમને અંદર જવાની ના પાડી હતી અને પીએસઆઈ એ મને ઓળખતા નહોતા, નવા હતા. એમને અંદર કહ્યું કે 'મને ખબર નહોતી'. એટલે એ વાત, ઈશ્યુ પૂરો થઈ ગયો. પરંતુ જે રીતે આ બનાવ બન્યો છે અને ભારતીય જનતા પાર્ટીની બહેનો કોંગ્રેસ કાર્યાલયે જઈ અને ત્યાં બબાલ કરવાનો પ્રયાસ કર્યો છે, એના બાબતે અમે વાત કરી છે. પરંતુ અમારા જે કોંગ્રેસના કાર્યકરોને ડિટેઈન કર્યા છે અને જે ફરિયાદ દાખલ કરવાની વાત છે, એ બાબતે અમે ચર્ચા કરી છે કે જો ભાજપના મહિલાઓની ફરિયાદ લેવામાં આવે, તો અમારી જયાબેન ઉપર પણ જે હુમલો થયો છે એની પણ ફરિયાદ લેવામાં આવે.

કાર્યકર્તાઓને... જુઓ, મને કોઈ એવી ફરિયાદ મળી નથી કે મારવામાં આવ્યા હોય. પરંતુ પોલીસ સાથે ઘર્ષણ થાય, આવી... આવા કાર્યક્રમો થતા હોય એટલે પોલીસ સાથે ઘર્ષણ થાય એ સામાન્ય બનતું હોય છે. મેં કહ્યું એમ કે જ્યારે આવા કાર્યક્રમો થતા હોય અને પબ્લિક હોય, ત્યાં પોલીસ દ્વારા અપશબ્દો બોલવામાં આવ્યા હોય, કયા પોલીસે બોલ્યા એ જો અમને ફરિયાદ મળશે તો અમે

એ પોલીસના વિરુદ્ધમાં પણ કાર્યવાહી કરીશું. હા, એ પીએસઆઈએ કહી દીધું, 'મને ખબર નહોતી અને મને અમારા ડીવાયએસપીએ કહ્યું તું કે કોઈને અંદર આવવાની ના, એટલે મેં તમને રોક્યા' હતા.

કોંગ્રેસ કાર્યાલયે વિરોધ

ચેતનાબા રાજપૂત ભાજપ જિલ્લા મહિલા મોરચા પ્રમુખએ જણાવ્યું હતું કે,"કોંગ્રેસના સાંસદ અને જેએનયુ (ત્નદ્રેં)ના પ્રોફેસર વિમલ અજવાઈકન દ્વારા ૧૧ જેટલી દીકરીઓ પર કરાયેલા જાતીય શોષણના વિરોધમાં અમે કોંગ્રેસ કાર્યાલય નીચે એક શાંતિપૂર્ણ ધરણાંનો કાર્યક્રમ યોજ્યો હતો. અમારો કોંગ્રેસ કાર્યાલયની અંદર જવાનો કોઈ ઈરાદો નહોતો. તેમ છતાં, કોંગ્રેસની મહિલાઓ દ્વારા અમારા પર કેમિકલયુક્ત શાહી ફેંકવામાં આવી. આ કેમિકલના કારણે અમારી ઘણી બહેનોને શરીરે અસહ્ય બળતરા થઈ રહી છે, જ્યારે બે-ચાર બહેનોની આંખ અને ગળામાં આ પ્રવાહી પડતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ મોકલવી પડી છે. કોઈ પોતાના પર જાતે શાહી ન ફેંકે. આ આખી ઘટના સમયે પોલીસ હાજર હતી અને પોલીસે જ આ કૃત્ય કરનાર ૨-૩ મહિલાઓને પકડીને પોલીસ સ્ટેશને મોકલી છે, જેના વિડિયો પણ વાયરલ થયા છે.

ઘટનાસ્થળે ફરજ પર તૈનાત પોલીસ કાફલાએ સ્થિતિ પર કાબૂ મેળવવા માટે શાહી ફેંકનાર મહિલા કાર્યકરોને ડિટેઈન કરવાની તજવીજ હાથ ધરી હતી. જોકે, પોલીસે અટકાયતી પગલાં ભરવાનો પ્રયાસ કરતા જ કોંગ્રેસના કાર્યકરોએ પોલીસની કામગીરી સામે વિરોધ નોંધાવ્યો હતો અને નરેન્દ્ર મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. બંને પક્ષોના સામસામે વિરોધ પ્રદર્શન અને સૂત્રોચ્ચારને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

અરવલ્લી જિલ્લામાં ધુનાવાડા સીતપુરની સરકારી માધ્યમિક શાળાના સ્થળાંતરના પ્રશ્ન અંગે કલેક્ટરશ્રી મિલિન્દ બાપનાની ગ્રામજનો સાથે મુલાકાત



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ધુનાવાડા–સીતપુર વિસ્તારમાં આવેલી સરકારી માધ્યમિક શાળાના સ્થળાંતર અંગે ગ્રામજનો દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટરશ્રી મિલિન્દ બાપનાએ સ્થળની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે સ્થાનિક ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી તેમની રજૂઆતો અને પ્રશ્નો સાંભળ્યા હતા.

ગ્રામજનો દ્વારા શાળાના સ્થળાંતરના નિર્ણય અંગે રજૂ કરવામાં આવેલી બાબતોને કલેક્ટરશ્રીએ ગંભીરતાથી સાંભળી હતી. શાળાના સ્થળાંતરને કારણે આસપાસનાં ગામોના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પડનારી સંભવિત મુશ્કેલીઓ અને શૈક્ષણિક સુવિધાઓ પર થનારી અસર અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી

આ મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રી મિલિન્દ બાપનાએ ગ્રામજનોની રજૂઆતોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓનો સર્વે કરી સીતપુર ખાતે માધ્યમિક શાળા શરૂ કરવા જરૂરી કાર્યવાહી કરવા સંબંધિત તંત્રના અધિકારીઓને સૂચના આપી હતી. વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતો જળવાઈ રહે અને સ્થાનિક સ્તરે ઊભા થયેલા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે તે દિશામાં કાર્યવાહી કરવા પણ તેમણે ભાર મૂક્યો હતો.કલેક્ટરશ્રીની સ્થળ મુલાકાત અને ગ્રામજનો સાથેના સીધા સંવાદથી શાળાના સ્થળાંતર અંગેની રજૂઆતો વહીવટી તંત્ર સમક્ષ પહોંચતાં આ પ્રશ્નના યોગ્ય નિરાકરણ માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે

અરવલ્લી કલેક્ટર કચેરી ખાતે માહિતી અધિકાર સપ્તાહ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત RTI માર્ગદર્શન પરિસંવાદ યોજાયો

માહિતી અધિકાર (ઈં) સપ્તાહ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે ૮ ઓકટોબરના રોજ અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે 'સંવાદ-માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫નું અમલીકરણ અને જવાબદારીનું સુદ્રઢીકરણ' વિષય પર ખાસ પરિસંવાદ યોજાયો હતો. રાજ્ય માહિતી કમિશનરશ્રી ભરત ગણાત્રાના અધ્યક્ષ સ્થાને પાટણ કલેક્ટર કચેરી ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં અરવલ્લી, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાના અધિકારીઓ તથા કર્મચારીઓ એકસાથે જોડાયા હતા. સામાન્ય રીતે ઈં સપ્તાહની ઉજવણી રાજ્ય કક્ષાએ ગાંધીનગર ખાતે થતી હોય છે, પરંતુ આ વર્ષે તમામ સ્ટેકહોલ્ડર્સ સુધી પહોંચવાના હેતુથી ૩ થી ૪ જિલ્લાઓનું ક્લસ્ટર બનાવી વિડીયો કનેક્ટિવિટી મારફત જિલ્લા કક્ષાએ વર્કશોપનું પ્રથમવાર નવતર આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમની શરૂઆતમાં આઈ.ટી. ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલ આર.ટી.આઈ. વિડીયો-પોડકાસ્ટ દર્શાવવામાં આવ્યો હતો, જેણે સહભાગીઓને કાયદાકીય પાસાઓની ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. ત્યારબાદ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી માહિતી અધિકાર અધિનિયમની વિવિધ જોગવાઈઓ, ઈં અરજીઓનો સમયસર નિકાલ, જાહેર માહિતી અધિકારી (ઁ)ની જવાબદારીઓ, માહિતી પૂરી પાડવાની પ્રક્રિયા, પ્રથમ અપીલ સંબંધિત કાર્યવાહી, જાહેર કરી શકાય તેવી તથા મુક્તિ પ્રાપ્ત માહિતી અને સંબંધિત રેકોર્ડની જાળવણી અંગે ઝીણવટપૂર્વકનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન યોજાયેલ ખાસ પ્રશ્નોત્તરી સેશનમાં અધિકારીઓએ અરજીઓના નિકાલમાં પડતી વ્યવહારુ મુશ્કેલીઓ અને મૂંઝવણો અંગે મુક્તપણે ચર્ચા કરી હતી, જેનું સ્થળ પર જ યોગ્ય નિરાકરણ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે કમિશનરશ્રીએ નાગરિક હિત સર્વોપરી હોવાનું ભારપૂર્વક જણાવીને દરેક અરજદારને સાચી માહિતી સરળતાથી મળે તે માટે અધિકારીઓને માર્ગદર્શક તરીકે ભૂમિકા ભજવવા અનુરોધ કર્યો હતો. આ પરિસંવાદના અંતે આયોગના કાયદા અધિકારીશ્રી દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ અને સંબંધિત કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નવરાત્રિનું શાસ્ત્ર

આસો સુદ એકમથી નવરાત્રોત્સવ પ્રારંભ થાય છે. આ નવ દિવસોમાં શ્રી દુર્ગાદેવીનું તત્ત્વ વધારે પ્રમાણમાં કાર્યરત હોય છે. તેનો અધિકાધિક લાભ થાય તે માટે દેવીની ઉપાસના કરવાનું શાસ્ત્ર સમજી લઈને તેમની પૂજા સાથે સંબંધિત ધાર્મિક કૃતિઓ અધ્યાત્મની દૃષ્ટિથી યોગ્ય રીતે કરવી આવશ્યક હોય છે. આ તારક ઉપાસનાની સાથે જ નવરાત્રોત્સવમાં થનારા અનાચાર રોકીને ઉત્સવની પવિત્રતા જાળવી રાખવી એ પણ કાળ અનુસાર આવશ્યક દેવીની (મારક) ઉપાસના છે. હિંદુઓને આ બન્ને ઉપાસનાઓની જાણકારી આપવા માટે આ લેખ પ્રકાશિત કરી રહ્યા છીએ.

ઘટસ્થાપના શા માટે કરવી જોઈએ ?

નવરાત્રિના વ્રત માટે ઘરમાં કોઈ પવિત્ર સ્થાન પર વેદી બનાવીને, તેના પર સિંહારૂઢ અષ્ટભુજાદેવી અને નવાર્ણ યંત્રની સ્થાપના કરવી. બ્રહ્માંડના પ્રતીક તરીકે ઘટ (ગરબા)ની

સ્થાપના યંત્રની પાસે કરીને, ઘટ અને દેવીની વિધિવત પૂજા કરવી. ઘરમાં ઘટપૂજન કરવાથી આપણને આદિશક્તિ શ્રી દુર્ગાદેવીના તત્ત્વનો વધારેમાં વધારે લાભ થાય છે તથા વાસ્તુ પણ ચૈતન્યમય બને છે.

નવરાત્રિમાં અખંડ દીપપ્રજ્જ્વલન શા માટે કરવું ?

નવરાત્રોત્સવ ઊજવવાનો અર્થ છે - ઘટરૂપી બ્રહ્માંડમાં અવતીર્ણ તેજસ્વી આદિશક્તિની, અખંડ પ્રજ્જ્વલિત નંદાદીપના માધ્યમ દ્વારા નવ દિવસ પૂજા કરવી. નવરાત્રિમાં વાયુમંડળ દેવીની શક્તિરૂપી તેજલહેરોથી ભારિત થાય છે. દીપ એ તેજનું પ્રતીક છે. તેથી દીપની જ્યોતિ તરફ આ તેજ લહેરો આકર્ષિત થાય છે. દીપપ્રજ્જ્વલનથી આ લહેરોનું વાસ્તુમાં ભ્રમણ થાય છે અને વાસ્તુમાં તેજ સંવર્ધિત થાય છે. તેથી શ્રદ્ધાળુઓને સહેલાઈથી લાભ મળે છે. તેથી નવરાત્રિમાં દીવો અખંડ પ્રજ્જ્વલિત રાખવો જોઈએ.

દેવીનું પૂજન કેવી રીતે કરવું ?

દેવીને અનામિકાથી કંકુ કરવું. દેવીને મોગરો, ગુલછડી, કમળ અને જૂહીનાં ફૂલ ચડાવવા. ફૂલો એક અથવા નવગણી સંખ્યામાં, ડીટિયું દેવીની તરફ રાખીને ગોળાકાર પદ્ધતિથી ચડાવવા. વર્તુળમાં ખાલી જગા રાખવી. દેવીને બે ઉદબત્તીથી અને આરતિયું ઘડિયાળનાં કાંટાની દિશામાં, તેમની છાતીથી ભ્રૂમધ્ય સુધી ગોળાકાર આરતી ઉતારવી. દેવીને એક અથવા નવગણી સંખ્યામાં પ્રદક્ષિણા ફરવી.

દેવીનો ખોળો કેવી રીતે ભરવો ?

દેવીને અર્પણ કરવામાં આવનારી સાડી સુતરાઉ અથવા રેશમી હોવી જોઈએ. છ વારની સાડી કરતાં નવ વારની સાડી પહેરાવવી વધારે યોગ્ય છે. થાળીમાં સાડી મૂકીને તેના પર થોડા ચોખા, ચોળી-વસ્ત્ર અને નારિયેળ મૂકવા. નારિયેળનો અગ્રભાગ દેવી તરફ આવવો જોઈએ. આ સર્વ સામગ્રી ખોબામાં લેવી ખોબો છાતી સામે ધરીને શરણાગત ભાવથી દેવીની સામે ઊભુ રહેવું. ભાવપૂર્ણ પ્રાર્થના કરીને ખોળો ભરવાની સામગ્રી દેવીનાં ચરણોમાં અર્પણ કરવી. ત્યાર પછી આ સામગ્રી પર થોડા ચોખા ચડાવવા.

નવરાત્રિમાં કુમારિકાપૂજન શા માટે કરવું ?

નવરાત્રિમાં પ્રતિદિન એક કુમારિકાને અથવા એક જ દિવસે નવ કુમારિકાઓને ઘરે બોલાવવી. કુમારિકા અપ્રગટ શક્તિતત્ત્વનું પ્રતીક છે. કુમારિકામાં સંસ્કાર પણ ઓછા પ્રમાણમાં વ્યક્ત થાય છે. તેથી તેની પૂજા કરવાથી આપણને સગુણ દેવીતત્ત્વનો અધિકાધિક લાભ થાય છે. કુમારિકામાં વિદ્યમાન દેવીતત્ત્વ જાગૃત થઈ ગયું છે, આ ભાવ રાખીને તેની પાદ્યપૂજા કરવી. તેને આદિશક્તિનું રૂપ માનીને ભોજન અને નવાં કપડાં આપીને ભાવપૂર્ણ નમસ્કાર કરવો.

નવરાત્રિમાં દેવીનો જપ વધારેમાં વધારે કરવો !

નવરાત્રિમાં શ્રી દુર્ગાદેવીનું તત્ત્વ હંમેશાની તુલનામાં ૧,૦૦૦ ગણું વધારે હોય છે. આ તત્ત્વનો આપણને મોટા પ્રમાણમાં લાભ થાય, તે હેતુથી પૂરા નવ દિવસો સુધી

ગુજરાતના ઉભરતા ગાયક શિવાયના 'Hanju' ગીતની સફળતા બાદ વધુ એક ગીત 'Earring' નું ધમાકેદાર લોન્ચિંગ

ગાંધીનગર, ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬: સંગીતક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરી રહેલા ગુજરાતના ઉભરતા ગાયક કલાકાર શિવાયના નવા ગીત 'ઈઠ્ઠીહિઙ્મ' (ઇયરિંગ)નું આજે ગાંધીનગરની હોટલ ધ લીલા ખાતે ધમાકેદાર લોન્ચિંગ થયું હતું. આ લોન્ચ કાર્યક્રમમાં ગુજરાત સરકારના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. સંગીતના મધુર સૂર અને નવીન રજૂઆત સાથે સંગીતપ્રેમીઓને એક નવી ભેટ આપવાના ઉદ્દેશથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગીત 'ઇયરિંગ'ની સમગ્ર ટીમ હાજર રહી હતી, જેમાં ગાયક શિવાય ઉપરાંત, ગીતની ફીચરિંગ એક્ટ્રેસ રીવા



અરોરા, ગીતના ડાયરેક્ટર રામજી ગુલાંટી, મ્યુઝિક ડાયરેક્ટર સની ઈન્દર તેમજ ગીતના લિરિસિસ્ટ કુમાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જાણીતા આર.જે. લવ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજા ગાયક શિવાયના બહેન છે. પોતાના ભાઈના આ બીજા ગીતના લોન્ચ પ્રસંગે તેમણે જણાવ્યું કે, "શિવાયે ૬ વર્ષની ઉંમરથી સંગીતની તાલીમ લેવાનું શરૂ કર્યું હતું. તેણે સંગીતની તાલીમ લીધી અને આજે તેનું બીજું ગીત લોન્ચ થઈ રહ્યું છે. ગીતનું મ્યુઝિક બહુ સુંદર છે, અને આ ગીતથી યુથને કનેક્ટ કરવાની કોશિશ કરવામાં આવી છે. શિવાયનો સુંદર અવાજ યુથને આકર્ષિત કરશે તેવી અપેક્ષા છે."

શ્રીમતી રીવાબા જાડેજાએ કહ્યું કે, સંગીતમાં ઓડિયન્સ સાથે કનેક્ટ થવું જરૂરી છે. એક અલગ અવાજ સાથે આ ઈન્ડસ્ટ્રીમાં જગ્યા બનાવવી પડકારજનક છે અને શિવાય તે મુકામ હાંસલ કરશે તેવી અમને અપેક્ષા છે. તેમણે નવરાત્રિના દિવસોમાં આ ગીતને સોશિયલ મીડિયા થકી વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવાની અપીલ કરી હતી અને શિવાયના સુમધુર અવાજની આ જર્ની ખૂબ આગળ વધે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં 'ઇયરિંગ' ગીતનો વીડિયો ઓડિયન્સ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, ઓડિયન્સની ફરમાઈશ પર શિવાયે પોતાના નવા ગીતને લોકો સમક્ષ લાઈવ ગાઈને પ્રસ્તુત કર્યું હતું. તેમના મધુર અવાજને કાર્યક્રમમાં હાજર રહેલા લોકોએ મન ભરીને માણ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શિવાયે ટી-સીરીઝના 'ઊઁઠ્ઠહદ્ધે' (હંજુ) ગીતને લોન્ચ કર્યું હતું. તેમના આ કર્ણપ્રિય ગીતને યુટ્યૂબ પર ૮૬ લાખથી વધુ લોકોએ જોયું, સાંભળ્યું અને માણ્યું છે. 'હંજુ' ગીતની આ સફળતા બાદ, હવે એક મહિનાની અંદર જ શિવાય સંગીતપ્રેમીઓ માટે તેમનું નવું નજરાણું 'ઇયરિંગ' લઈને આવ્યા છે અને આ ગીત પણ સંગીતના શોખીનોને એટલું જ આકર્ષિત કરશે. આ પ્રસંગે પ્રિન્ટ મીડિયા, ઇલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ, ડિજિટલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ તથા મનોરંજન ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોદીની શક્તિ — ભક્તિ વિશેની અંગત આસ્થા! (સંત સુરા)

નરેન્દ્ર મોદીને સમજવા હોય તો તેમના ભાષણ નહીં, તેમના વ્રત સમજવા પડે.

આજના સમયમાં જ્યારે ધર્મ રાજકીય ગણવેશ બની ગયો છે, ત્યારે મોદીની ભક્તિ એક અપવાદ છે. તે ગણવેશ નથી, તેમની ચામડી છે.

પહેલી શક્તિ — વ્રત.

છેલ્લા ૪૫ વર્ષથી, નવરાત્રીના નવ દિવસ મોદી અન્નનો ત્યાગ કરે છે. માત્ર ગરમ પાણી, ક્યારેક લીંબુ પાણી. આ કોઈ નવો શોખ નથી. જ્યારે તેઓ સંઘના પ્રચારક હતા, ત્યારથી આ વ્રત ચાલે છે.

૨૦૧૪માં તેઓ અમેરિકા ગયા. વ્હાઈટ હાઉસમાં ઓબામાએ ડિનર રાખ્યું. આખું વિશ્વ જમતું હતું, મોદી માત્ર ગરમ પાણી પીતા હતા. કોઈને કહ્યું નહીં કે હું વ્રતમાં છું, પણ વ્રત તોડ્યું પણ નહીં. આ જિદ નથી, આ આસ્થા છે.

બીજી શક્તિ — એકાંત.

તમે મોદીને ભીડમાં જોયા છે, પણ તેઓ ભીડના માણસ નથી. કેદારનાથની ગુફા યાદ કરો. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનો છેલ્લો તબક્કો બાકી હતો. બધા નેતા રેલીઓમાં હતા, મોદી ગુફામાં હતા. એક કામળો, એક દીવો, બહાર બરફ. ૧૭ કલાક ધ્યાન. કોઈ મતદાર ત્યાં નહોતો, કોઈ કેમેરા વગર પણ તેઓ ત્યાં જ હોત.

ત્રીજી શક્તિ — મૌન.

મોદી મંદિરમાં જાય ત્યારે જુઓ. તેઓ પૂજા નથી કરતા, તેઓ પોતાને સોંપી દે છે. કાશી વિશ્વનાથમાં જ્યારે તેઓ દંડવત કરે છે ત્યારે પ્રોટોકોલ ભૂલી જાય છે. જાણે વર્ષોનો થાક એક જગ્યાએ મૂકી દેતા હોય.

આ અંગત આસ્થા જ તેમની રાજકીય શક્તિ છે. જે માણસ પોતાની જીભ પર કાબૂ રાખી શકે — નવ દિવસ અન્ન ન ખાઈને — તે જ માણસ પોતાના વિરોધીઓ સામે પણ કાબૂ રાખી શકે. જે માણસ એકાંતમાં ૧૭ કલાક પોતાની સાથે બેસી શકે, તેને ભીડનો ડર ન લાગે.

આજે અનેક નેતા ટીકા કરે છે કે મોદી ધર્મનો ઉપયોગ કરે છે. પણ સત્ય એ છે કે મોદીએ ક્યારેય પોતાની ભક્તિના નામે મત નથી માંગ્યો. ભક્તિ તેમના માટે મતનું સાધન નથી, મનનું બળ છે.

અને એટલે જ તેમને હરાવવા અઘરા છે. તમે કોઈ રાજનેતાને હરાવી શકો, કોઈ તપસ્વીને નહીં.

અને આ જ ભક્તિને કારણે આજે એક વાત યાદ આવે છે.

અત્રે એક નમ્ર અરજ એ છે કે, સરકારના સંબંધિત વિભાગમાં પુરાતત્વ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, પ્રવાસન તથા યાત્રાળુ, દેવ અને દેવ સ્થાન સંચાલને સુરત ખાતે ભાગળ સ્થિત આવેલા અને જે તે સમયે શિવાજી મહારાજની દર્શનની પધરામણી વખતના સુમારે ૪૦૦ વર્ષ પુરાણા શ્રી અંબાજી માતા મંદિરનો ઉત્થાન અને વિકાસ કરી તેને ઐતિહાસિક રાષ્ટ્રીય ધરોહર અને વિરાસત જાહેર કરવી જોઈએ.

આ મંદિર માત્ર મંદિર નથી. આ પહેલા માળે બિરાજતી સુરતની આસ્થા છે. જ્યાં શ્રીફળ છોતરા સહિત ઉભું, બાવળની સીંગલ પીસ મોગરીની ગદાથી વધેરાય છે. જ્યાં ૫૮ વર્ષથી માતાજી દશેરાએ ચાંદીના રથમાં નગરચર્યાએ નીકળે છે. જ્યાં ૯૦ વર્ષના ગાદીપતિ કૈલાશ બા આજે પણ અડીખમ સેવા કરે છે. જ્યાં નિઃસંતાન દીકરીઓને ૬૪ ખંડ નિઃશુલ્ક ખવડાવાય છે.

આ વારસો ઐતિહાસિક રાષ્ટ્રીય વારસો બનવો જોઈએ.

તથા માઈ ભક્ત મોદીએ પણ માઁ અંબાના આશીર્વાદ પ્રાપ્તિ માટે કોટ વિસ્તારના તળ સુરતમાં, આ પહેલા માળે બિરાજતા ૪૦૦ વર્ષ જૂના દરબારમાં એક વાર પધારવું જોઈએ. કારણ કે જે શક્તિની ઉપાસના તેઓ નવ-નવ દિવસ કરે છે, તે શક્તિનું મૂળ સ્વરૂપ અહીં ભાગળમાં બિરાજે છે.

યા દેવી સર્વભૂતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ।।
યા દેવી સર્વભૂતેષુ ભક્તિ રૂપેણ સંસ્થિતા।
★ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ।।

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat